# રાજકોટ મહાનગરપાલિકા

## રોજમદાર સફાઈ કામદાર ( પાર્ટ ટાઇમ ) ની ભરતી અંગેની જાહેરાત

રાજકોટ મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખામાં નીચે જણાવ્યા મુજબની જગ્યાઓ માટે સરકારશ્રીના મીનીમમ વેજીસના ધોરણે ભરતી કરવા અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા |
|---|---|---|
| ૧ | રોજમદાર સફાઇ કામદાર (પાર્ટ ટાઇમ) | ૫૩૨ |
| | પગાર | પગાર સરકારશ્રીના વખતો વખતના બિન કુશળ કામદારના મીનીમમ વેજીસના ધારાધોરણ મુજબ |
| | વયમર્યાદા | વય ૧૮ થી ૪૫ વર્ષ ( અરજી સ્વીકારવાની અંતિમ તારીખની સ્થિતિએ ) |
| | અન્ય લાયકાત | • ઉમેદવાર અને તેનો પરિવાર ઓછામાં ઓછા ૨૦ કે તેથી વધુ વર્ષથી રાજકોટ શહેરનો રહેવાસી હોવો જોઇએ.<br>• ઉમેદવારના માતા/પિતા/દાદા/દાદી રાજકોટ મહાનગરનગરપાલિકામાં કાયમી સફાઇ કામદાર રહી ચુકયા હોય, તે ઉમેદવાર જ અરજી કરી શકશે.<br>• ઉમેદવારના પરિવારના કોઇપણ વ્યક્તિ સરકારી,અર્ધ સરકારી/પબ્લિક સેકટર યુનિટમાં નોકરી ન કરતા હોવા જોઈએ.( કુટુંબની વ્યાખ્યા પતિ, પત્ની અને બાળકો) |

૧ ઉક્ત જગ્યા પર ઉમેદવારી નોધાવવા માટે રાજકોટ મહાનગરપાલિકાની તમામ વોર્ડ ઓફીસ તથા તમામ ઝોનના સિવિક સેન્ટર ખાતેથી ઓફિસના સમય દરમ્યાન તા. ૨૧/૦૮/૨૦૨૪ થી તા. ૧૧/૦૯/૨૦૨૪ સુધીમાં નિયત અરજી ફોર્મ (નિ-શુલ્ક) મળી શકશે.

૨. ભરેલ અરજી ફોર્મ જરૂરી આધાર પુરાવાઓ સાથે રાજકોટ મહાનગરપાલિકાના ત્રણેય ઝોનના સિવિક સેન્ટર ખાતે સવારે ૧૦:૩૦ થી બપોરે ૦૫:૦૦ (૨.૦૦ થી ૨.૩૦ રીસેશ) દરમ્યાન તા. ૨૧/૦૮/૨૦૨૪ થી તા. ૧૩/૦૯/૨૦૨૪ સુધીમાં રૂબરૂ સ્વીકારવામાં આવશે.

સહી : ડી.પી.દેસાઈ (IAS)
કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા